❖ **સમસ્યાનાં અગત્યનાં શબ્દોનું અર્થઘટન :**

ધો. ૮નાં વિદ્યાર્થીઓ માટે ઇતરવાંચન (અન્યપુસ્તકો, સામાયિકો, નાટકો, કવિતા, બાયોગ્રાફી, વિજ્ઞાન સંગ્રહ વગેરે વાંચવી) શૈક્ષણિક જીવનનો મહત્વપૂર્ણ ભાગ બની શકે છે. માત્ર પાઠયપુસ્તકો પૂરતું સીમિત ન રહીને ઇતરવાંચન વિદ્યાર્થીઓની માનસિકતા, અભિરૂચિ અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણને બદલવામાં અને વિકસાવવામાં મદદરૂપ સાબિત થઇ શકે છે.

**૧. માનસિકતામાં ફેરફાર :**

- ઈતર વાંચનથી વિદ્યાર્થીઓ નવા વિચારો સંસ્કૃતિઓ અને માનવ વ્યવહાર વિશે જાણે છે.
- આથી તેઓ માં સહાનુભૂતિ, સહિષ્ણુતા અને વિસ્તૃત દૃષ્ટિકોણ વિકસે છે.
- મન અને મગજ વધારે ખુલ્લું અને સ્વતંત્ર વિચાર શકિતવાળું બને છે.

ઉદાહરણ : એક વિદ્યાર્થી જયારે મહાત્મા ગાંધીજીની આત્મકથા વાંચે છે ત્યારે તેનામાં નિષ્ઠા, આત્મચિંતન અને અહિંસાના વિચાર નવનિર્માણ કરે છે.

**૨. અભિરુચિમાં ફેરફાર :**

- વિવિધ વિષય વસ્તુઓનું વાંચન વિદ્યાર્થીઓને નવી બાબતોમાં રસ લેવાની પ્રેરણા આપે છે.
- તેઓ કલાની ભિન્ન શાખાઓ (સંગીત, ચિત્રકલા, નાટક) વિજ્ઞાન, ઇતિહાસ વગેરેમાં પોતાનો ઝોક શોધી શકે છે.
- એમાંથી કદાચ તેમની ભવિષ્ય કારકિર્દી માટે દિશા પણ મળી શકે છે.

ઉદાહરણઃ-કુદરત પર આધારિત પુસ્તકો વાંચીને વિદ્યાર્થીમાં ચિંતન વધે અને તે પર્યાવરણવિદ્યાના ક્ષેત્રમાં રસ લેવા લાગે.

**૩. વૈજ્ઞાનિક દૃષ્ટિકોણમાં ફેરફાર :**

- વિજ્ઞાન કે શોધ આધારિત પુસ્તકો વાંચવાથી કારણ અને પરિણામની સમજ વધે છે.
- વિદ્યાર્થીઓ પ્રશ્નો પુછવા, તર્ક કરવા અને સાબિતીઓ શોધવા તરફ પ્રેરાય છે.
- ઈતરવાંચન તેમને વિચારે છે કે “આ કેમ બન્યુ? બીજું કેવી રીતે થઇ શકે?”

ઉદાહરણ : જો વિદ્યાર્થી સ્ટીફન હોકિંગની સાદી ભાષાની વિજ્ઞાનસંબંધી વાત વાંચે તો તેમા તત્વજ્ઞાની જિજ્ઞાસા અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે સમજ વધે.

- **સમસ્યાની ઓળખ :** “વિદ્યા વિશ્વનો દીવો છે અને વાંચન એ તેનું તેજ”-સંસ્કારશીલ અને વિચારોથી સમૃદ્ધ સમાજ માટે પુસ્તક સાથેની મિત્રતા અત્યંત જરૂરી છે. વાંચન મન માટે કસરત જેવી છે. પરંતુ આજે એ કસરત ઘટતી જોવા મળે છે.

  વિશેષ કરીને ધોરણ ૮ અ વયજૂથના બાળકો માટે એવો સમયગાળો છે જયાં વલણો રચાય છે, રુચિઓ વિકસે છે અને ભાવિ જીવન માટેના મૂલ્યો ઊભા થાય છે. પણ આજની યુવા પેઢીનું ધ્યાન મોબાઇલ, સોશિયલ મીડિયા અને ઇન્ટરનેટ તરફ વળી ગયું છે અને પાઠયપુસ્તક સિવાયના પુસ્તકોથી દૂર થવાનું પ્રમાણ વધી રહયું છે.

  ધો. ૮ નાં પુસ્તક સંવાદ દરમિયાન કેટલાંક વિદ્યાર્થીઓ એ પુસ્તકનું વિશ્લેષણ સારી રીતે કર્યુ અને કેટલાક વિદ્યાર્થીઓ રજૂઆત યોગ્ય રીતે ના કરી શકયા. શાળામાં પુસ્તકો હાજર છે. પણ પ્રશ્ન એ છે કે-

- વિદ્યાર્થીઓ તેનો કેટલો લાભ લે છે?
- શું તેઓને પાઠયપુસ્તક સિવાયનું વાંચન કરવા પ્રેરણા મળે છે?
- શું વાંચનને તેઓ એક રસપ્રદ પ્રવૃત્તિ તરીકે માણે છે?

- **સંશોધન ક્ષેત્ર :**

  નારાયણ વિદ્યાલયના ગુજરાતી માધ્યમનાં ધોરણ ૮અ ના વિદ્યાર્થીઓ થકી આ સંશોધન હાથ ધરાયેલ છે.

- **સંશોધનના હેતુઓ :** (૧) ધો. ૮ વિદ્યાર્થીઓની માનસિકતા સમજવી, (૨)વિદ્યાર્થીઓમાં ઈતર વાંચન પ્રત્યે રૂચી જાણવી, તેઓ પુસ્તકોથી કઇ રીતે સંવાદ સાંધે છે તે જાણવું., (૩) વાંચન પ્રત્યેની તેમની માનસિકતા અને દૃષ્ટિકોણનું મુલ્યાંકન કરવું., (૪) શાળા ના પુસ્તકોનો કેટલો ઉપયોગ થાય છે તે જાણવું.

- **સંશોધન પદ્ધતિ :**

✓ - જૂથચર્ચા, - નિરીક્ષણ નોંધ, - ઇન્ટરવ્યુ, - વાંચન પ્રવૃત્તિઓ પછીની ચર્ચા